## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

નથી કોઈ સકારાત્મક સંબંધો બગડયા કરે!
સામસામે કર્યા કરે કેસ કોર્ટ તગડયા કરે!
જગડયા કરે પોલીસથી, ભગાડયા કરે નેતા -
સમજ્યા વિના બૈરાંઓ, 'થાળી'- વાજું વગાડયા કરે

હાઈકુ

માઈ'જી ને જ
બનાવી દો આઈજી -
ધાધાક બાઈ!
(પોલીસ બંધકો)

'અનામત દો!'
નાખે છે હવે કોંગી -
બળતાં માં ઘી -
(વર મરો - કન્યા મરો...)

## ચિંતન

**ધનિકોઃ શ્રોત્રિયો રાજા નદી વૈદ્યસ્તુ પશ્ચમઃ । પશ્ચ યત્ર ન વિદ્યન્તે ન તત્ર દિવસં વસેત ॥**

'જે ગામમાં, કોઈ ધનિક-શેઠ, વિદ્વાન-વેદપાઠ (કર્મકાંડ જાણનાર) રાજા-જમીનદાર, વૈદ્ય-(ડૉકટર) કે કોઈ વહેતી કાયમી નદી ન હોય ત્યાં એક દિવસ પણ રહેવું નહીં.'

ગામ-સમાજમાં આદર્શ રહેઠાણ કયાં-કેમ શોધવું એ વાત પણ ચાણકય નીતિમાં વિચારવામાં આવી છે. આજે 'આદર્શ ગામ' જાહેર કરવામાં આવે છે એમાં ઓછામાં ઓછી શી સુવિધા હોવી જોઈએ એનું પત્રક-ચાર્ટર નક્કી કરવામાં આવ્યું છે તેમ પ્રાચીનકાળથી આદર્શગામમાં ધનિક શેઠ (દાનવીર) હોવો જોઈએ જે કપરા સમયે ગામને મદદરુપ થઈ શકે.

કર્મકાંડી-ધર્મ-વિદ્વાન એવો પંડિત પણ ગામમાં હોવો જોઈએ જે પ્રાચીન ગ્રંથો પ્રમાણે સલાહસૂચન આપી શકે.

વૈદ્ય-ડૉકટર જે રોગને ઓળખી સારવાર આપી શકે એવી વ્યક્તિ પણ હોવી જરુરી છે.

પાણી જીવન છે નદી કાંઠે જનજીવન વિકાસ માટે જરુરી છે.

## સુવિચાર

- જીભ દ્વારા ભગવાનની ભક્તિ કરવી પણ કલેશના ભજીયા તળવા નહીં - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રતિમાનું સર્જન થાય છે શિલામાંથી...
  પ્રતિભાનું સર્જન થાય છે શિયળમાંથી... - **જનકલ્યાણ**
- નિમ્નકક્ષાના હૃદયને 'મિથ્યાભિમાન' શબ્દનો અર્થ કદી સમજાતો નથી - **માનસસૂત્ર**
- આપણું ગૌરવ આપણે શું કરીએ છીએ તેમાં નથી,
  આપણે શું સમજીએ છીએ તેમાં છે - **સરદાર પટેલ**
- માંગવું જ હોય ભગવાન પાસે માંગો કારણ કે
  ભલભલા ધનવાનો પણ ત્યાં જ લાઈનમાં ઊભા છે - **લાઓત્સુ**
- બુદ્ધિશાળી એટલે એક ટકો પ્રેરણા અને નવ્વાણું ટકા પરિશ્રમ - **ફાધર વાલેસ**

(સંકલન : દીપક વી. આસરા)

## બોધકથા

આજકાલ તલાટીની ભરતી હોય કે પોલીસની બધે જ કૌભાંડ-ચોરી-પેપર ફૂટવા જેવાં 'વ્યાપમ' વ્યાપક બન્યાં છે. કર્તવ્ય-ફરજ-સત્ય અને નિષ્ઠા મરી પરવાર્યાં છે. બધાને ટૂંકા રસ્તે શિખર ચઢવાં છે.

સ્વામી રામતીર્થ પહેલા યુવાનીમાં તીર્થરામ તરીકે યુનિવર્સિટીમાં કુશાગ્ર તરીકે પ્રખ્યાત હતા. પરંતુ જયારે તેમને આત્મબોધ થયો અને સંસાર છોડી દિવ્યજ્ઞાનના પ્રચાર માટે વિશ્વયાત્રામાં નિકળી પડ્યા - ત્યારે અમેરિકા પહોંચ્યા.

તેમના વ્યાખ્યાનની તર્કબદ્ધતા અને અધ્યાત્મની સરળ-સમજથી શ્રોતાઓ અને વિદ્વાનો ખૂબ પ્રભાવિત થયા.

યુનિવર્સટીએ તેમને મળી, માનદ પદવી ઓફર કરી. સ્વામી રામતીર્થ કહે હું જયારે તીર્થરામ હતો ત્યારે મને ડિગ્રીઓ પ્રાપ્ત કરવાની મહેચ્છા હતી. પરંતુ હવે હું 'રામતીર્થ' છે. મને આ સંસારમાં આત્મબોધ થઈ ગયો છું. ઈશ્વરીય જ્ઞાન સિવાય બધી પદવી નકામી છે એ બધા બાહ્ય આડંબર છે એનું 'અધ્યાત્મ પથ'માં કોઈ જ મૂલ્ય નથી. અને વિવેકપૂર્ણ માનદ્ ડિગ્રીનો અસ્વીકાર્ય કર્યો.

# કથળતી જતી શિક્ષણ વ્યવસ્થાને પાટા પર લાવવાની તાકીદ

## તંત્રીસ્થાનેથી....

ગાંધીનગર વિધાનસભા કરતાં વિદ્યા સંસ્થાઓના નામે વધારે પ્રખ્યાત બન્યું છે ત્યારે અહીં ગુજરાતની કળથતી જતી શિક્ષણ વ્યવસ્થા વિશે ચિંતા અને ચિંતન થાય તે જરુરી છે. ગુજરાત રાજય શાળા સંચાલક મહામંડળ આયોજિત ઉત્તર ઝોન વિભાગીય અધિવેશન ગાંધી જયંતીના જ દિવસે ગાંધીનગરની હૃદયકુંજ સમી ચૌધરી હાઈસ્કૂલના પટાંગણમાં મળ્યું તેમાં વિવિધ શાળા સંચાલકોનો સરકારની વર્તમાન શિક્ષણનીતિ સામેનો આક્રોશ ખુલ્લા શબ્દોમાં અભિવ્યક્તિ પામ્યો હતો. આશ્ચર્યની વાત છે કે શિક્ષિકા અને આચાર્ય રહી ચૂકેલા પ્રબુદ્ધ મુખ્યમંત્રીના રાજમાં શાળા સંચાલકોના પ્રશ્નો પ્રત્યે તંત્ર આટલી હદે બેદરકારી સેવી રહ્યું છે. છેક ૨૦૦૯ના વર્ષથી રાજયની શાળાઓમાં એક પણ શિક્ષકની ભરતી કરવામાં આવી નથી એમ જણાવતાં મંડળના પ્રમુખ અંબુભાઈ પટેલે ઉમર્યું હતું કે રાજયમાં કુલ ૯૮૦૬ શિક્ષકોની ઘટ પડે છે, જેને પરિણામે રાજયની દરેક શાળામાં બે શિક્ષકોની ઘટ પડે છે. આવી કમનસીબ શાળાઓ પાસે સરકાર સારા પરિણામની અપેક્ષા રાખે તે યોગ્ય ન જ ગણાય. રાજય સરકારે ૩૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાને ગ્રાન્ટ નહીં આપવાનો નિર્ણય કર્યો છે. હકીકતમાં શાળાઓને જે ગ્રાન્ટ મળે છે તે 'નિભાવ ગ્રાન્ટ' છે એને શૈક્ષણિક ગુણવત્તા સાથે જોડવામાં ઔચિત્ય નથી. વળી 'મેરિટ'ને જ મહત્ત્વ આપી શિક્ષણની ગુણવત્તા સુધારવા માગતી સરકારે શિક્ષણની પસંદગી વખતે વ્યક્તિત્વના ગુણ મૂકવામાં સંચાલક મંડળનો અધિકાર પણ છીનવી લીધો છે. મંડળ આ મુદ્દે છેક સુપ્રીમ કોર્ટ સુધી સરકારની સામે લડ્યું છે અને ચુકાદો મંડળની તરફેણમાં આવ્યો છે, તેમ છતાં રાજય સરકારે મચક આપી નથી. સરકાર સાથે મંડળના પ્રતિનિધિઓની વાટાઘાટો ચાલુ છે એટલે સમાધાનની આશા અસ્થાને નથી. પરંતુ જો સરકારનું નકારાત્મક વલણ ચાલુ રહેશે તો મંડળે શાળાઓની તાળાબંધી સહિત રજિસ્ટ્રેશન પરત આપી દેવા સુધીના ઉગ્ર કાર્યક્રમો આપવાની તૈયારી રાખી છે. એક તરફ 'સૌનો સાથ, સૌનો વિકાસ' જેવાં રૂપકડાં સૂત્રોના પ્રચાર પાછળ કરોડોનું પાણી કરાઈ રહ્યું છે અને આદિવાસી વિસ્તારોમાં પણ વિજ્ઞાન જેવા વિષયો ભણાવવા વિજ્ઞાનપ્રવાહની શાળાઓ ખોલવા માટે પ્રોત્સાહન અપાઈ રહ્યું છે, પરંતુ 'ગ્રાઉન્ડ રિયાલિટી' એ છે કે આવા વિજ્ઞાનપ્રવાહ વાળી નસવાડીની શાળાઓમાં એક જ શિક્ષક બધા વિષયોનો અભ્યાસ કરાવે છે અને તે મૂળે પાછો સંસ્કૃતનો શિક્ષક છે. સરકારે આ બધા મુદ્દાઓ પરત્વે ગંભીર બનવું જ રહ્યું. શિક્ષણને ઉદ્યોગનો દરજ્જો આપી દેવાથી શિક્ષણનું સ્તર સુધરવાનું નથી. વળી શિક્ષકને પૂરો પગાર નહીં આપવાની નીતિ સર્વમાન્ય થઈ ગઈ હોય ત્યારે એની પાસેથી નિષ્ઠાની અપેક્ષા રાખવી એ પણ વધારે પડતું જ ગણાશે. શિક્ષણનાં કથળતાં ધોરણો વચ્ચે મૂલ્યનિષ્ઠ શિક્ષણની ગુલબાંગો નિરર્થક પુરવાર થઈ છે. હજી સમય છે પરિસ્થિતિ સાવ જ વણસી જાય એ પહેલાં તંત્ર અને શાળા સંચાલકોએ શિક્ષણને વરેલા તપસ્વી તજજ્ઞોની સાથે પરામર્શ કરીને ગુજરાતમાં સરસ્વતીનું ચીરહરણ થતું અટકાવી લેવાની જરુર છે. વિદ્યાર્થીઓને માત્ર ટકાવારીના મુદ્દે જ અભ્યાસ કરાવાને બદલે એમનામાં રહેલા શ્રેષ્ઠ ગુણોના વિકાસની દૃષ્ટિ રાખવી જોઈએ. નહીંતર વર્તમાન શિક્ષણ પદ્ધતિમાં તો મસમોટી ફી ભરીને ફાઈવસ્ટાર શાળાઓમાં ભણતા વિદ્યાર્થી 'માણસ'ને બદલે 'પોપટ' કે રોબોટ જ બની જશે, જે દેશના ભવિષ્ય માટે ખતરનાક પુરવાર થશે. ઉત્તર ઝોન શાળા સંચાલક મંડળના અધિવેશનમાં અભિવ્યક્તિ પામેલી શિક્ષણ - ચિંતા તંત્રના કાને પહોંચાડવાની નૈતિક જવાબદારી મીડિયાની પણ છે. આખરે તો આ આપણી ભાવી પેઢીને ખાડે જતી અટકાવવાની અને કથળતી જતી મૂલ્યનિષ્ઠાને સાચવી લેવાની તાકીદ છે.

# મને પહેલાંથી જ જાણ થઈ ગઈ હતી, તમને બંનેને ઝડપવા માટે મારે આવો ખેલ કરવો પડ્યો છે



વાર્તા રે વાર્તા

નિરંજન ઓઝા

## બનાવટ

વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-૯ ઉપર જવાહર પૂના એક્સપ્રેસની રાહ રાતના ૧૦.૩૦ વાગે જોઈ રહ્યો છે. શિયાળાના દિવસો છે અને રાત્રીનો સમય હોવાથી, સ્ટેશન ઉપર અવર-જવર ઓછી છે. જવાહર પોતાના ખોળામાં નાની એટેચી રાખી, પેપર વાંચી રહ્યો છે, ત્યાં એનાઉસમેન્ટ થાય છે કે ટ્રેન પંદર મિનિટ મોડી છે. આ એનાઉસમેન્ટ પુરુ થતાં, એક લગભગ ૨૨ વર્ષની યુવતી હાફતી-હાફતી આવી જવાહરને પુછે છે કે પૂના એક્સપ્રેસ ટ્રેન આવી ગઈ? જવાહર પ્રત્યુત્તર આપે છે કે ટ્રેન પંદર મિનિટ લેઈટ છે તેનું અનાઉસમેન્ટ હમણાં જ થયુ. આ માહિતી જાણ્યા પછી, યુવતીને સંતોષ થાય છે. આગળ જણાવે છે કે રીક્ષાની તકલીફ રસ્તામાં થઈ હતી. તેથી મોડું થયું, મને એમ કે આજે ટ્રેન મળશે નહીં. આટલું કહેતા જવાહર જે બેન્ચ ઉપર બેઠો હતો તેના છેડે બેસી ગઈ, યુવતી વાદળી રંગની સાડીમાં હતી અને કોઈ સારા ઘરની હોવાનું તેને જોયા પછી જવાહરને લાગે છે.

ટ્રેન આવે છે, આજે ટ્રેનમાં બહુ ગરદી ન હોવાથી, બંને પાસે પાસે બેસે છે. વાતચીતમાં પોતાનો પરિચય અને નામ જણાવે છે. યુવતીનું નામ 'નિશા' છે. યુવતી હવે થાકેલી હોવાથી સૂઈ જાય છે, જયારે સવારે ૫.૩૦ વાગે, જાગતાંની સાથે ખબર પડે છે કે આખી રાત, જવાહરના ખભા ઉપર માથું રાખી સૂઈ ગઈ હતી, વહેલી સવારે સ્ટેશનથી બહાર નીકળ્યા પછી બંને કોફી પીએ છે. યુવતી જવાહરને કહે છે કે મારે જે જગ્યાએ જવાનું છે તે ઓફિસ સવારે ૯.૩૦ વાગે ખુલે છે. તેથી આપણે કોઈ ગેસ્ટ હાઉસમાં રૂમ બુક કરવી - એ અને ત્યાંથી ફ્રેશ થઈ આપણા કામે જઈશું. જવાહરને યુવતીનો પ્રસ્તાવ યોગ્ય લાગે છે, તદાનુસાર રેલવે સ્ટેશનની નજીકમાં ગેસ્ટ હાઉસમાં આરામ કરે છે. બંને એકલા અને એમાં અંધારુ તથા યુવતી થાકેલી હોવાથી તુરત જ ડબલબેડ ઉપર લંબાવે છે યુવતીને સુતેલી જોતા, જવાહર પણ ત્યાં લંબાવે છે આમ એકાંત તથા અંધારુ એ અનેક રહસ્યને ખજાનો રહ્યો છે.

થોડા સમય પછી ગેસ્ટ હાઉસની ડોરબેલ રણકે છે, થાકેલો જવાહર બારણું ખોલતાં, એક ડામરના ડબ્બા જેવી કાળી શાહી ચોપડેલી હોય તેવો પી.આઈ.ના ડ્રેસમાં એક વ્યક્તિને સામે ઉભેલો જુએ છે, તે અંદર આવી, પોતાનું આઈકાર્ડ દર્શાવી પી.આઈ. રાઠોડ છે તેવું જણાવે છે. આવતાની સાથે જ કડકાઈથી 'તમે કયાંથી આવો છો અને યુવતીનું આઈકાર્ડ કયાં છે? તે બતાવો.' જવાહર હવે ગભરાય છે. કારણ કે યુવતી પાસે આઈકાર્ડ નથી. વળી તેને લીધે તેની ફજેતી થવાનો પણ ડર લાગે છે, પોલીસને જાણ થતાં, પેપરોમાં આવે અને નાહકના હેરાન થવું પડે તેથી જવાહર કંઈ વિચારે તે પહેલાં યુવતી આગળ આવી કહે છે કે અમે નિર્દોષ છીએ. જવાહર એક સીધોસાદો વેપારી છે અને તે કામ અંગે જ અહીં આવ્યો છે તેથી અમને કંઈ થાય નહિ તેવી અમારી વિનંતી છે. આ બાબત આગળ વધે નહિ તેથી આપ કઈ કરી શકો તો જણાવો.

ખૂબ જ ચર્ચા-વિચારણા પછી, વીસ હજારમાં સોદો નક્કી થાય છે. આટલી મોટી રકમ અત્યારે મારી પાસે નથી તેવું જવાહર જણાવે છે, જો અડધો કલાકનો સમય આપો તો મારાં મિત્રને ફોન કરી, પૈસા મંગાવી લઉ. પી.આઈ.ની સહમતી મળતાં જવાહર એક ખુણામાં જઈ, મોબાઈલ ઉપર કોની સાથે વાતચીત કરે છે, તદાનુસાર અડધા કલાક પછી બે પોલીસો તથા પી.આઈ.આવે છે. જવાહર હવે સ્પષ્ટતા કરે છે કે હું અમદાવાદમાં ક્રાઈમ બ્રાન્ચમાં ઈન્સ્પેકટર તરીકે કામ કરું છું. અમને આ યુવતીની ફરિયાદ મળતાં, મને તપાસની કામગીરી સોંપવામાં આવી છે. તમે બંને પતિ-પત્ની આવી રીતે સજ્જન માણસોને લૂંટો છો. અને તમે મિસ્ટર રાઠોડ, પી.આઈ. નથી તેની મને પહેલાંથી જ જાણ થઈ ગઈ હતી. તેથી તમને બંનેને ઝડપવા માટે મારે આવો ખેલ કરવો પડ્યો છે, તમારી આથી હું ધરપકડ કરું છું અને ટ્રાન્સફર વોરંટથી અમદાવાદ બોલાવી તમારી સામે કાર્યવાહી કરાવીશ. આખરે મને સોંપવામાં આવેલ કામગીરીમાં સફળતા મળી છે તેનો મને ગર્વ છે.

આમ 'બનાવટ' ને લીધે નકલી પી.આઈ. રાઠોડ તથા તેમના ધર્મપત્નીની ધરપકડ થાય છે.

# પ્લીઝ વેઇટ..., યોર ડ્રીમ ઈઝ ડાઉલોડીંગ...!!!



રઝળપાટ

અજય ઉપાધ્યાય

દુરદર્શનના જમાનામાં સિગ્નલ પકડવા વારેવારે છત પર એન્ટેના આમ-તેમ કરવા ચડવું પડતું આજે મોબાઈલનું નેટવર્ક પકડવા કેક એવી જ કસરત કરવી પડે છે...૩ એમબીપીએસની સ્પીડવાળા બ્રોડબેન્ડ પર 'યુટ્યુબ નો એક નાનો વિડીયો ડાઉનલોડ થતા વાર લાગી જાય છે...સરકારી કચેરીઓ અને બેન્કોમાં કોમ્પ્યુટરો તો છે પણ કનેકટીવીટી અને વીજળી બંને આવ-જા કરવામાં સતત હરીફાઈ કરતી હોય છે....દેશમાં મોબાઈલ ફોન ધારકોની સંખ્યા કુદકે ને ભૂસકે વધતી જાય છે પણ ૪જીના જમાનામાં કદમ રાખ્યા હોવા છતાં હજુ ૩જી પણ નોનસ્ટોપ અને ફૂલ સ્પીડે ચાલતું હોય એવું સરકારી કે ખાનગી મોબાઈલ નેટવર્ક બની શક્યું નથી.... અને આ બધી અડચણો, મુસીબતોને દુર કરીને આપણે થવું છે 'ડીજીટલ ઈન્ડિયા' ..!!

દુનિયા ડીજીટલી કનેક્ટેડ થઈ રહી છે, ઘણા બધા દેશોમાં બુનિયાદી સુવિધા અને સરકારી સવલતો માટે કચેરીઓના ચક્કર ખાવા નથી પડતા. આંગળીના ટેરવે કે માઉસની કલીકે અનેક કામો થતા થયા છે જેનો સરવાળે ફાયદો વધુ નાગરિકોને અને પછી તંત્રને થાય છે. ભારત વિશ્વની સંભવિત મહાસત્તા બનવા જઈ રહી છે ત્યારે બદલતા જમાના સાથે તાલ મિલાવવો અત્યંત આવશ્યક બની રહે છે અને એના માટે બીજી બધી પ્રાથમીક્તાઓની જેમ જરૂરી છે કે દેશમાં ઈ-ક્રાંતિ થાય. ઈ-ક્રાંતિનું શરૂઆતી સ્ટેપ એટલે ડીજીટલ ઈન્ડિયા...!!! પણ આગળ કહ્યું એમ યોજનાઓ જાહેર કર્યે કે સેમિનારો કરવાથી આ સપનું સિદ્ધ થાય એમ નથી અને એના કારણો લેખનો પહેલો પેરા વાંચશો એમાં જ આવી જાય છે પણ તકનીકી ક્રાંતિના આ દોરમાં નો ડાઉટ ઉપર વર્ણવી એ મુસીબતો છે પણ એ મુસીબતો એવી પણ નથી કે ડીજીટલ ઈન્ડિયા પ્રોગ્રામમાં વાઈરસ આવી જાય...!!!

ડીજીટલ ઈન્ડિયાના મેઈન મક્સદોમાનો એક હેતુ દેશના મહત્તમ પ્રદેશોને બ્રોડબેન્ડ અને મોબાઈલ કનેકટીવીટી આપવાનો, મહત્તમ જનતાને ઈન્ટરનેટ સેવા આપવાનો, સરકાર, રોજગાર અને અન્ય સેવાઓનો ઈ-ગવર્નન્સ અને ઈ-ક્રાંતિથી સૂચનાઓ અને ઉપયોગનો અધિકાર આપવાનો છે,પણ ખાટલે મોટી ખોટ એ છે કે આ બધી સેવાઓ માટેની પ્રાથમિક જરૂરીયાત એવી નેટ કનેકટીવીટીમાં આપણે દુનિયાના દેશોથી માઈલો પાછળ છીએ. દુનિયામાં બ્રોડબેન્ડ ધરાવતા ૨૦૦ દેશોમાં આપણે ૧૪૫મુ સ્થાન ધરાવીએ છીએ એમાયે સ્પીડના મામલે તો આપણે ૩૯ દેશોના એવા ખાસ સમુહમાં છીએ કે જે દેશોમાં નેટ કનેકટીવીટ ઓછામાં ઓછી છે. અચરજ એ વાતનું છે કે આ ૩૯ દેશોમાં મોટાભાગના આફ્રિકી દેશો છે મતલબ કે બીજા વિકસીત દેશોની હરોળમાં કમ સે કમ આ મામલામાં તો આપણે ક્યાય પાછળ છીએ.

સરકારે રજુ કરેલ 'ડીજીટલ ઈન્ડિયા' મિશનમાં ચોક્કસપણે ઘણી ઠોસ નીતિઓ અને યોજનાઓ પણ સામેલ જ છે કે જેના થકી આ બધી કઠીનાઈઓ દુર કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. આવતા ચાર વર્ષોમાં અઢી લાખ ગ્રામપંચાયતોને બ્રોડબેન્ડ થકી 'ડીજીટલ ઈન્ડિયા' નેટવર્કમાં જોડાશે એ ખરું પણ હજુ આજે પણ અનેકો ગામડામાં ડીજીટલ લીટ્રસીનો રેટ ઝીરો છે. અનેક સ્કુલોમાં કોમ્પ્યુટરો છે, વિદ્યાર્થીઓને માહિતી વિશ્વની આ અજાયબ દુનિયાની સેર પણ કરવી છે પણ એ સમજાવી, શીખવાડી શકે એવા શિક્ષકો નથી. કચેરીઓમાં ડીજીટલ લીટ્રસી અંતર્ગત કર્મચારીઓને ડીજીટલ જ્ઞાન ફરજીયાત અપાય છે પણ પછી પ્રેક્ટીકલ લેવલે હજુ પણ અનેક કચેરીઓ, બેંક કે દફતરો વીજળી કે પછી કોમ્પ્યુટર પ્રત્યેની ઉદાસીનતાને લીધે ડીજીટલને બદલે એ જ જરી-પુરાણી કાગળ પ્રથા ચલાવે છે. દફતરો કે ઓફિસો તો ડીજીટલ થઈ જાય છે પણ હકીકત એ છે કે કર્મચારીઓ ડીજીટલ નથી થઈ શકતા.

બ્રોડબેન્ડ કનેકટીવીટી ડીજીટલ ઈન્ડિયાની પાયાની અને મહત્વપૂર્ણ જરૂરીયાત છે એ હકીકત છે અને એના માટે બ્રોડબેન્ડ હાઈવેની યોજના રજુ કરાઈ છે પણ ઓપ્ટીકલ ફાઈબર ગામડે ગામડે બિછાવતા જેટલો સમય વધુ લાગશે એટલું લેઈટ લેન્ડીંગ થશે ડીજીટલ ઈન્ડિયાનું. મિશનની સફળતાની બીજી ચાવી છે મોબાઈલ ફોન્સ. આજે દેશમાં મોબાઈલ ફોન ધારકોની સંખ્યા અંદાજે એકાદ અબજ પર પહોચી છે પણ જો ડીજીટલ ક્રાંતિ લાવવી હશે કે મોટા જનસમુહને ઈ-ગવર્નન્સનો લાભ આપવો હશે તો મેક્સીમમ હાથોમાં મોબાઈલ ફોન અને એમાં અન-ઈંટરપટેડ કનેકટીવીટી આપવી પડશે. સસ્તા ફોનો અને સરળ ટેકનીકો લાવવી એ આ પગલા સામેના મોટા પડકારો છે અને આ પડકારો કેટલા વિકરાળ છે એનો અંદાજો તમને એ વાત પરથી આવશે કે ડીજીટલ ઈન્ડિયાને સમ્પૂર્ણ અને સર્વાંગપણે લાગુ કરવા માટે ઓછામાં ઓછી ૫ એમબીપીએસની બ્રોડબેન્ડ સ્પીડ જરૂરી છે અને અત્યારે આપણે કઈ સ્પીડે દોડી રહ્યા છીએ એ કોઈને કહેવાની જરૂર નથી લાગતી....!!

આખી યોજના દિવાસ્વપ્ન છે, હમ્બગ છે કે સપનું છે એમ કહીને હસી કાઢવા જેવી પણ નથી પણ હકીકત એ છે કે ડીજીટલ જગતના લાભ શહેરોમાં જે અંશે મળી રહ્યા છે એ અંશે અને એથી વધુ પ્રમાણમાં ગામડે ગામડે મળે એની સફળતા પર જ આખું મિશન નિર્ભર છે. ઈ-ગવર્નન્સથી વધુને વધુ નાગરિકો જોડાઈ શકે તો જ સાચા અર્થમાં ડીજીટલ ઈન્ડિયા બની શકે. સ્ટેશનો પર ફ્રી વાઈ-ફાઈ કે ચુનંદા શહેરોમાં ૪જી કે ગુગલ - માઈક્રોસોફ્ટ જેવાઓનો સાથ એ આ યોજનાની શરૂઆતી સફળતા ગણી શકો તો પણ આ આખરી મકસદ તો નથી જ. ખરેખર તો અસ્ખલિત વીજળી અને નોનસ્ટોપ ડીજીટલી કનેક્ટેડ મેક્સીમમ પ્રદેશો જ સાચી સફળતા હશે. ૨૦૧૮ સુધીમાં ટુકડે ટુકડે અમલમાં આવનાર આ ડ્રીમમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ સૌથી મોટી આડખીલી બની રહેશે. દેશના અનેકો વિસ્તારો આજે પણ પછાત અને ગરીબની વ્યાખ્યામાં આવે એવા છે ત્યાં ડીજીટલ ઈન્ડિયા પહેલા વિકાસ અને એમ્પાવરમેન્ટ અગત્યનું બની રહેશે. સ્વાભાવિક છે કે વિશાળ ક્ષેત્રફળ અને અધધધ આબાદી વાળા દેશમાં મહત્તમ ક્ષેત્ર સુધી આવી ટેકનીકલી ટફ યોજના લાગુ કરવી સહેલી વાત નથી જ.

ગરીબી, બેરોજગારી અને મોંઘવારીથી જજુમી રહેલા દેશમાં ડીજીટલ ઈન્ડિયા ઘણા બધાને સપનું કે ગતકડું લાગી શકે પણ આ બધી સમસ્યાઓને ઉકેલવાના પ્રયાસોને સમાંતર રહીને વિશ્વ સાથે કદમ મિલાવવા માટે પણ જરૂરી છે દેશનું ડીજીટલ હોવું કેમકે આજે ડીજીટલ ક્રાંતિ પ્રગતિની જરૂરીયાત છે, વિકાસનો પાયો છે અને કોઈકે તો અને ક્યારેક તો આની શરૂઆત કરવી જ પડે એમ હતી. ડીજીટલ ઈન્ડિયાની શરૂઆત અને કોશિશો અગાઉની સરકારોએ પણ કરી છે પણ આટલા મોટા પાયે કરાયેલી આ શરૂઆત નોંધપાત્ર તો છે જ. ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ, ડીજીટલ શિક્ષણની ઉણપ, ટેકનીકલી શિક્ષિત લોકોની કમી કે વીજળી, રોજગાર જેવી પાયાની સુવિધાઓના અભાવ વચ્ચે પણ ભલે ૨૦૧૮ નહિ તો ૨૦૨૫ સુધીમાં પણ જો ડીજીટલ ઈન્ડિયાનું સપનું સાકાર થઈ શકે તો સરવાળે ફાયદો તો વી ધ પીપલ ને જ છે એમાં કોઈ બેમત નથી....!!! ટીલ ધેન પ્લીઝ વેઈટ !!

- akurjt@gmail.com

# ગાંધી ચિંધ્યા માર્ગે સાદગી, સ્વચ્છતા, અહિંસા અને પ્રાણીમાત્ર કલ્યાણના માર્ગે આપણે નહીં ચાલીએ તો આપણું અસ્તિત્વ પણ ટકી શકવાનું નથી તે સનાતન સત્ય સમજવું રહ્યું





વનસૃષ્ટિનો પરિચય

હેમંત સુથાર

બીજીથી આઠમી ઑકટોબર દરમિયાન આપણે વન્યજીવ સપ્તાહની ઉજવણી કરી રહ્યા છીએ. પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિના ઉપલક્ષ્યમાં આપણે આ દિનની ઉજવણી કરીએ છીએ. આ દિવસને વિશ્વ કક્ષાએ 'વિશ્વ અહિંસા દિવસ' તરીકે પણ જાહેર કરવામાં આવેલ છે. આ પ્રકારના વિવિધ દિવસોની ઉજવણી લોકજાગૃતિ હેતુસર કરવામાં આવતી હોય છે અને વર્ષો વરસ આપણે તે કર્યા કરીએ છીએ. શું આવો કોઈ દિવસ ઉજવવાનું કદી બંધ નહીં થાય ? કદાચ એવું બની શકે કે તેના હેતુની સિદ્ધિના પરિણામ આધારે નહિ પણ હવે તે કરવું શક્ય નથી તેમ માનીને ઉજવણી બંધ કરવી પડશે. 'ઉજવણી' શબ્દ પણ બંધ બેસતો જણાતોન થી. ઉજવણી સિદ્ધિઓની હોય જયારે મોટાભાગની આ પ્રકારના દિવસો જે તે વિષયક સમસ્યાઓની ચિંતા સ્વરુપે કંઈક કરવા માટેના સંદેશ સ્વરુપે હોય છે.

વન્યજીવ સપ્તાહ નિમિત્તે વન્યજીવોની જ વાત કરીએ તો વિશ્વમાં ૧૯૭૦ પછી ૨૦૧૦ સુધીના ૪૦

## વન્યજીવ વસતી અડધી થઈ

વર્ષમાં અડધો એટલે કે ૫૨ %થી વધુ જીવો નાશ પામ્યા છે અને આ પૈકી મોટાભાગના જીવોની હત્યા થયેલી છે. આજે એ સ્થિતિ છે કે બાકી રહેલા હયાત વન્યજીવોને લાયક તેમના વાસસ્થાનોનો મોટાપ્રમાણમાં નાશ થયેલ છે તે ખૂબ જ નબળી પડી ગયેલ છે. જયાં તેમને ખાવા માટે શિકાર એવા પ્રાણીઓ નથી. પીવાનું પાણી નથી. આશરો મેળવવા માટેના લાયક જંગલો નથી. તમામ પ્રકારના વન્યજીવો તેમના અસ્તિત્વની અંતિમ લડાઈ લડી રહ્યા છે.



છેલ્લા ૪૦ વર્ષના એક અહેવાલ મુજબ ઘટી જવા પામેલ મોટા કદના પ્રાણીઓમાં આફ્રિકન સિંહની વસ્તીમાં ૯૦ ટકા ઘટાડો નોંધાયો છે અને હાલમાં તે ૧૭,૦૦૦ જેટલા રહેવા પામ્યા છે. હાથીઓની વસ્તી ૬૦% જેટલી ઘટી છે અને ૧૦૦, ૦૦૦ જેટલા હાથીઓ રહ્યા હોવાનું મનાય છે. વાઘ પણ ૯૭%થી વધારે નાશ પામ્યા છે.

દરિયાઈ જીવોની વાત કરીએ તો સરિસૃપોમાં દરિયાઈ લેધર બેક ટર્ટલ (કાચબા)ની છેલ્લા વર્ષમાં ૯૫%વસતી ઘટી જવા પામેલ છે. આ કાચબાની જાતિની ઈંડા મૂકી શકે તેની માદાઓની વસતી ફક્ત ૧૦, ૦૦૦ જ રહી જવા પામેલ છે. છેલ્લા ૩૦ વર્ષમાં હેકટર ડોલ્ફીનની વસતીમાં ૭૫% ઘટાડો જોવા મળે છે જે આજે ૭૪૦૦ ની આસપાસ વસતી ધરાવે છે તે પ્રમાણે સેઈ વ્હેલની વસતી છેલ્લા ૨૦ વર્ષમાં અડધોઅડધ રહેવા પામી છે. આમેય તેની વસતી ઓછી હતી તેથી તે ફક્ત ૪૭ જેટલી જ રહેવા પામેલ છે.

વર્ષ ૧૯૭૦ થી ૨૦૦૦ દરમિયાન વન્ય જાતિઓના ઘટાડા બાબતે વર્લ્ડ વાઈલ્ડ ફંડ ફૉર નેચર દ્વારા તથા લીવીંગ પ્લેનેટ ઈન્ટેક્ષ પ્રમાણે જમીની તથા દરિયાઈ જાતિઓ ૩૦%ની આસપાસ ઘટી જવા પામેલ છે તેમાં તાજા કે મીઠા પાણીની વન્ય જાતિઓના ઘટાડાનું પ્રમાણ ૫૦% સાથે ઘણું મોટું છે.

આઈ. યુ. સી. એન. નામની સંસ્થા દ્વારા ભય હેઠળની વન્યજીવોની ૪૪,૮૩૩ જાતિઓનો અભ્યાસ કરવામાં આવેલ હતો જે પૈકી ૯૦૫ જાતિઓ સદંતર લુપ્ત થઈ જવા પામેલ છે. મતલબ કે તેવી જાતિઓનો એક પણ જીવ હવે આ પૃથ્વી પર હયાત નથી. લુપ્ત થનાર જાતિઓનો દર વધી રહ્યો છે તે પણ એક ચિંતાજનક બાબત છે. એક અંદાજ પ્રમાણે આગામી ૫૦ વર્ષમાં આપણાં ભારત દેશમાંથી ૨/૩ જાતિઓનો નષ્ટ પામનાર છે.

આજે આ પૃથ્વી પર તમામ પ્રકારના કુદરતી સ્ત્રોતો ચિંતાજનક રીતે ઘટી જવા પામેલ છે. પૃથ્વી પરના ફ્ન્ટીયર ફોરેસ્ટ ૮૦%, ચેરવનો દરિયાઈ ઘાસ ૨૦%, જીવંત પરવાળાના વિસ્તારો ૪૦% જેટલા ઘટી જવા પામેલ છે. દર વર્ષે ૧૫ અબજ વૃક્ષો કપાય છે અને આજે પૃથ્વી પરના અડધો-અડધ વૃક્ષો નાશ પામ્યા છે. ત્યારે તેની સામે કુદકે ને ભૂસકે વધી રહેલ માનવ વસ્તી એક આવનાર વિકટ સ્થિતિનું દારૂણ કલ્પનાચિત્ર રજૂ કરે છે.

ગાંધી ચિંધ્યા માર્ગે સાદગી, સ્વચ્છતા, અહિંસા અને પ્રાણીમાત્ર કલ્યાણના માર્ગે આપણે નહીં ચાલીએ તો આપણું અસ્તિત્વ પણ ટકી શકવાનું નથી તે સનાતન સત્ય સમજવું રહ્યું.

**છેલ્લા ૪૦ વર્ષના એક અહેવાલ મુજબ ઘટી જવા પામેલ મોટા કદના પ્રાણીઓમાં આફ્રિકન સિંહની વસ્તીમાં ૯૦ ટકા ઘટાડો નોંધાયો છે અને હાલમાં તે ૧૭,૦૦૦ જેટલા રહેવા પામ્યા છે, હાથીઓની વસ્તી ૬૦ % જેટલી ઘટી છે અને ૧૦૦, ૦૦૦ જેટલા હાથીઓ રહ્યા હોવાનું મનાય છે, વાઘ પણ ૯૭ % થી વધારે નાશ પામ્યા છે**